Kirklees COUNCIL

Coronavirus COVID-19

# માતાપિતા અને કેરર્સ માટે સ્કૂલે જતા બાળકને આઈસોલેટ (અળગા) કરવા વિષેની માર્ગદર્શિકા

આમાંની સંભવિત ઘટનાક્રમ સંબંધી તમામ માહિતી માતાપિતા અને કેરર્સ ઉપરાંત દાદા-દાદી / નાના-નાની અથવા બીજાં સગાં કે મિત્રો જેવું બીજું કોઇ પણ જે તમારા બાળકની દેખરેખ રાખતું હોય તેમને પણ લાગુ પડે છે અને તેમણે પણ અનુસરવાની રહેશે.

‘જો આવું થાય તો શું કરવું’ એ વિષે જાણવા તેને સંબંધી ઘટનાક્રમ પર કિલક કરો...

- **સંભવિત ઘટનાક્રમ ૧:**
  તમારા બાળકને ઘરે રોગનાં ચિહ્નો / લક્ષણો જણાય છે
- **સંભવિત ઘટનાક્રમ ૨:**
  તમારા બાળકના પરિવારમાં કોઇ વ્યક્તિમાં રોગનાં ચિહ્નો દેખાય આવે છે
- **સંભવિત ઘટનાક્રમ ૩:**
  તમારા બાળકમાં સ્કૂલે રોગનાં ચિહ્નો દેખાવાનું શરૂ થાય છે*
- **સંભવિત ઘટનાક્રમ ૪:**
  તમારા બાળકના ‘સ્કૂલ બબલ’માંના કોઇ બાળકને ઘરે મોકલી દેવામાં આવે છે અથવા તે ‘સેલ્ફ આઇસોલેટીંગ’ કરે છે કારણ કે તેમનામાં રોગનાં ચિહ્નો દેખાયાં છે
- **સંભવિત ઘટનાક્રમ ૫:**
  તમારું બાળક રોગનાં ચિહ્નોવાળા કોઇ બાળકના નજીકના સમ્પર્કમાં આવ્યું હોય

---

કોવીડનાં ચિહ્નોમાં સમાવેશ થાય છે:



**ઝાઝો તાવ**
આનો અર્થ તમારી છાતી કે પીઠ પર અડકવાથી તમે ગરમ હોય એવું લાગે એવો થાય છે. (તમારે તમારું ટેમ્પરેચર માપવાની જરૂર નથી, જો કે જો તમે માપશો તો પણ એ ૩૭.૮સેન્ટિગ્રેડ અથવા એનાથી વધુ માલુમ પડશે)



**નવી, સતત થતી રહેતી ખાંસી**
આનો અર્થ એક કલાકથી વધુ સમય માટે ખાંસી ખાતા રહેવું અથવા ૨૪ કલાકની અંદર ૩ કે તેથી વધુ ખાંસીના હુમલા આવવા એવો થાય છે. (જો તમને સામાન્ય રીતે ખાંસી રહેતી હોય તો એ સામાન્ય કરતાં વધુ ખરાબ હોઇ શકે છે)



**તમારી સુંઘવા અને સ્વાદની લાગણીનું જતું રહેવું અથવા તેમાં ફેરફાર થઇ જવો**
આનો અર્થ તમને એવું જણાય કે તમે કશાનો સુંઘવા અને સ્વાદ લેવાનો અનુભવ કરી શકતા નથી અથવા ખાવાપીવાનું હંમેશ કરતાં કંઇ જુદા સ્વાદ અને ગંધવાળું લાગે છે.

## ✗ આ કોવીડનાં ચિહ્નો નથી

**ગળતું / બંધ નાક, સૂઝેલું ગળું** અને / અથવા **માથાનો દુ:ખાવો**

આ ચિહ્નો સામાન્ય શરદી સાથે સંકળાયેલાં હોય છે. તેમ છતાં, જો આમાનાં કોઇ ચિહ્નો ઉપર રંગીન અક્ષરોમાં જણાવેલાં કોરોના વાયરસનાં ચિહ્નો સાથે માલુમ પડે તો તમારે પરીક્ષણ (ટેસ્ટ) માટે વ્યવસ્થા કરવી આવશ્યક છે.

## £ ટેસ્ટ ઍન્ડ ટ્રેસ સર્પોર્ટ પેમેન્ટ્સ

જો તમને એન.ઍચ.એસ. ટેસ્ટ ઍન્ડ ટ્રેસ દ્વારા આઇસોલેટ થવાનું કહેવામાં આવ્યું હોય અને તમે ઘરેથી કામ કરી શકો તેમ ન હોય અને અમુક બેનિફિટો મેળવી રહ્યા હોય તો તમે સપોર્ટ માટે હકદાર ઠરી શકો છો.

વધુ માહિતી અહીંથી મેળવો:
**www.kirklees.gov.uk/covid19supportpayment**

---

* કૃપા કરી એની ખાત્રી રાખો કે વાલી અથવા કેરરની પરવાનગી વિના શિક્ષક બાળકોને કોરોનાવાયરસ ટેસ્ટીંગ સાઇટ (પરીક્ષણની જગ્યા)એ લઇ જઇ શકતા નથી. અને જો બાળકનો ટેસ્ટ પોઝીટીવ અર્થાત હકારાત્મક નીકળે તો કોઇ પણ સંજોગોમાં માબાપ તેમને ન મળી શકે એવી રીતે બાળકોને રાખવામાં આવશે નહીં.

# જો તમારા બાળકમાં રોગનાં ચિહ્નો જણાય તો શું કરવું

**તમારા બાળકને સ્કૂલે ન મોકલો**

↓

**તમારા પરિવારને આઈસોલેટ (અળગું) કરી દો**

આમાં વાલી / કેરર તરીકે તમારો, કોઇ ભાઈબહેનનો અને તમારા ઘરમાં રહેતું હોય તેવા બીજા કોઈનો પણ સમાવેશ થાય છે

↓

**તમારા બાળક માટે ટેસ્ટની વ્યવસ્થા કરવા ૧૧૯ને ફોન કરો અથવા મુલાકાત કરો: www.nhs.uk/coronavirus**

## - નકારાત્મક ટેસ્ટ રિઝલ્ટ

પરિવારજનો આઈસોલેટ થવાનું તરતજ બંધ કરી દેશે

તમારું બાળક સ્કૂલે જઈ શકે છે

## + હકારાત્મક ટેસ્ટ રિઝલ્ટ

તમારા બાળકે અને પરિવારે આઈસોલેટ રહેવાનું ચાલુ રાખવું આવશ્યક છે

**રોગનાં લક્ષણોવાળું બાળક = ૧૦ દિવસ**

**બીજું દરેકજણ = ૧૪ દિવસ**

ચિહ્નો જણાવાની શરૂઆતથી

### કોઈ તાવ નહીં

તમારું બાળક આઈસોલેટ થવાનું બંધ કરી દઈ શકે છે અને સ્કૂલે પાછું જઈ શકે છે.

કૃપા કરી યાદ રાખો કે જ્યાં સુધી તમે ૧૪ દિવસના આઈસોલેશન સમયગાળાને સંપૂર્ણપણે પૂરો ન કર્યો હોય ત્યાં સુધી તમે કે તમારા પરિવારનું બીજું કોઈ પણ તમારા બાળકને સ્કૂલે લઈ જઈ શકતું નથી.

### આઈસોલેશન સમયગાળા પછી ઝાઝો તાવ

૧૦ દિવસના આઈસોલેશન સમયગાળા પછી જો તમારા બાળકને હજી પણ ઝાઝો તાવ આવવાનું ચાલુ રહે તો તેમને સ્કૂલે પાછાં મોકલો નહીં. વધુ સલાહ માટે ૧૧૧ને ફોન કરો અથવા **www.nhs.uk/coronavirus** ની મુલાકાત કરો.

# જો તમારા કે તમારા પરિવારના કોઈ સભ્યમાં રોગનાં ચિહ્નો જણાયાં હોય તો શું કરવું

**તમારા બાળકને સ્કૂલે ન મોકલો**

**તમારા પૂરા કુટુંબને આઈસોલેટ કરો**

**જે વ્યક્તિમાં ચિહ્નો જણાયાં હોય તેમનો ટેસ્ટ કરવા ૧૧૯ને ફોન કરો અથવા મુલાકાત કરો: www.nhs.uk/coronavirus**

## નકારાત્મક ટેસ્ટ રિઝલ્ટ

પરિવારજનો આઈસોલેટ થવાનું તરતજ બંધ કરી દેશે

તમારું બાળક સ્કૂલે પાછું જઈ શકે છે

## હકારાત્મક ટેસ્ટ રિઝલ્ટ

તમારા પરિવારે આઈસોલેટ રહેવાનું ચાલુ રાખવું આવશ્યક છે.

**રોગનાં લક્ષણોવાળી વ્યક્તિ = ૧૦ દિવસ**

**બીજું દરેકજણ = ૧૪ દિવસ**

ચિહ્નો જણાવાની શરૂઆતથી

### આઈસોલેશનના સમયગાળા પછી કોઈ ચિહ્નો નહીં

જો તમારું બાળક આઈસોલેશન સમયગાળા દરમિયાન કોઈ ચિહ્નોનો અનુભવ ન કરે તો ૧૫માં દિવસે તેઓ સ્કૂલે પાછાં જઈ શકે છે.

### આઈસોલેશન સમયગાળા દરમિયાન ચિહ્નો બાકી રહે

૧૪ દિવસના આઈસોલેશન સમયગાળા દરમિયાન જો તમારા બાળકમાં કોવીડનાં ચિહ્નો જણાય તો કૃપા કરી ઘટનાક્રમ ૧ જુઓ.

# તમારા બાળકમાં જો સ્કૂલે રોગનાં ચિહ્નો દેખાવાનું શરૂ થાય તો શું કરવું

## સ્કૂલેથી તરતજ લઇ જવું

તમારા બાળકને તેમના સ્કૂલ બબલના અન્ય બાળકો પાસેથી અળગો કરી દેવામાં આવશે, તમને જાણ કરવામાં આવશે અને શકય એટલું વહેલું તેને સ્કૂલમાંથી લઇ જવાનું કહેવામાં આવશે *

## તમારા કુટુંબને આઈસોલેટ કરો

આમાં વાલી / કેરર તરીકે તમારો, કોઇ ભાઇબહેનનો અને તમારા પરિવારમાં રહેતું હોય તેવા બીજા કોઇનો સમાવેશ થાય છે

## જે વ્યક્તિમાં ચિહ્નો જણાતાં હોય તેમનો ટેસ્ટ કરવા ૧૧૯ને ફોન કરો અથવા મુલાકાત કરો: www.nhs.uk/coronavirus

### નકારાત્મક ટેસ્ટ રિઝલ્ટ

પરિવારજનો આઈસોલેટ થવાનું તરતજ બંધ કરી દેશે

તમારું બાળક સ્કૂલે પાછું જઇ શકે છે

### હકારાત્મક ટેસ્ટ રિઝલ્ટ

તમારા બાળકે અને પરિવારે આઈસોલેટ રહેવાનું ચાલુ રાખવું આવશ્યક છે.

રોગનાં લક્ષણોવાળી વ્યક્તિ = ૧૦ દિવસ

બીજું દરેકજણ = ૧૪ દિવસ

ચિહ્નો જણાવાની શરૂઆતથી

#### કોઇ તાવ નહીં

તમારું બાળક આઈસોલેટ થવાનું બંધ કરી દઇ શકે છે અને સ્કૂલે પાછું જઇ શકે છે.

કૃપા કરી યાદ રાખો કે જ્યાં સુધી તમે ૧૪ દિવસના આઈસોલેશન સમયગાળાને સંપૂર્ણપણે પૂરો ન કર્યો હોય ત્યાં સુધી તમે કે તમારા પરિવારનું બીજું કોઇ પણ તમારા બાળકને સ્કૂલે લઇ જઇ શકતું નથી.

#### આઈસોલેશન સમયગાળા પછી ઝાઝો તાવ

૧૦ દિવસના આઈસોલેશન સમયગાળા પછી જો તમારા બાળકને હજી પણ ઝાઝો તાવ આવવાનું ચાલુ રહે તો તેમને સ્કૂલે પાછાં મોકલો નહીં. વધુ સલાહ માટે ૧૧૧ને ફોન કરો અથવા **www.nhs.uk/coronavirus** ની મુલાકાત કરો.

* કૃપા કરી એની ખાત્રી રાખો કે વાલી અથવા કેરરની પરવાનગી વિના શિક્ષક બાળકોને કોરોનાવાયરસ ટેસ્ટીંગ સાઇટ (પરીક્ષણની જગ્યા)એ લઇ જઇ શકતા નથી. અને જો બાળકનો ટેસ્ટ પોઝીટીવ નીકળે તો કોઇ પણ સંજોગોમાં માબાપ તેમને ન મળી શકે એવી રીતે બાળકોને રાખવામાં આવશે નહીં.

# મારા બાળકના સ્કૂલ બબલમાંથી તેમનામાં રોગનાં ચિહ્નો દેખાય રહ્યાં હોવાને કારણે જો કોઈ બાળકને ઘરે મોકલી દેવામાં આવે અથવા તે સેલ્ફ આઈસોલેટીંગ કરતું હોય તો શું કરવું?

## રાબેતા મુજબ ચાલુ રહો

સિવાય કે તમારી સ્કૂલ તમને બીજું કંઇ કરવાનું કહે

જે બાળકમાં રોગનાં ચિહ્નો દેખાયાં હોય તેને ૧૦ દિવસ માટે અને તેનાં પરિવારમાં બીજા દરેકજણને ૧૪ દિવસ માટે જ્યારથી ચિહ્નો શરૂ થયાં હોય ત્યારથી આઇસોલેટ થવાનું કહેવામાં આવશે.

તેમને ટેસ્ટ કરાવવા માટે પ્રોત્સાહન આપવામાં આવશે.

## નકારાત્મક ટેસ્ટ રિઝલ્ટ

બાળકનું પરિવાર આઇસોલેટ થવાનું તરતજ બંધ કરી દેશે અને તેઓ સ્કૂલે પાછાં જઈ શકે છે

## હકારાત્મક ટેસ્ટ રિઝલ્ટ

જો બાળકનો ટેસ્ટ પોઝીટીવ નીકળે તો, સાબીત થયેલા કેસ સાથે સીધા લાંબા ગાળાના સંપર્કમાં રહ્યાં હોય તેવાં બાળકોને તેમની સ્કૂલ તરફથી **૧૪ દિવસો માટે સેલ્ફ-આઇસોલેટ** થવાની સલાહ આપતો એક વ્યક્તિગત પત્ર મળશે.

તમારા પરિવારના બાકીના સભ્યોને સેલ્ફ આઇસોલેટ થવું જરૂરી નથી સિવાય કે તેમનામાં પણ રોગનાં ચિહ્નો જાહેર થવાનું શરૂ થાય.

## જો તમારા બાળકમાં રોગનાં ચિહ્નો દેખાય તો ટેસ્ટ કરાવવા માટે ગોઠવણ કરો:

### નકારાત્મક

**૧૪ દિવસનું આઇસોલેશન** પૂરું કરવાનું ચાલુ રાખો

### હકારાત્મક

**૧૦ દિવસનું આઇસોલેશન** શરૂ કરો અને પરિવારના બધા સભ્યોએ ૧૪ દિવસ સેલ્ફ આઇસોલેટ કરવું.



> અનુક્રમણિકા પાના પર જાઓ <

# તમારું બાળક રોગનાં ચિહ્નોવાળા કોઈ બાળકના નજીકના સમ્પર્કમાં આવ્યું હોય તો શું કરવું

**રોગનાં ચિહ્નોવાળી વ્યક્તિ શું તમારી સાથે રહે છે અથવા તમારું બાળક જાય છે તે જ સ્કૂલમાં જાય છે**

## ના

**તમારા બાળકને સેલ્ફ આઈસોલેટ કરવાની જરૂર નથી.**

તેમ છતાં, જો એન.ઍચ.એસ. ટેસ્ટ ઍન્ડ ટ્રેસ દ્વારા તમારા બાળક વિષે કે તમારી પોતાની જાત માટે સંપર્ક કરવામાં આવે તો તેમની સલાહ અનુસરો અને સેલ્ફ-આઈસોલેટ થઇ જાઓ.

કોઈના નજીકના સમ્પર્ક પછી જો તમારા બાળકમાં રોગનાં ચિહ્નો માલુમ પડે તો તમારા પરિવારે તરત જ સેલ્ફ આઈસોલેટ થવું આવશ્યક છે **ઘટનાક્રમ ૧** જુઓ.

## હા

**સાથે રહે છે**

ઘટનાક્રમ ૨ જુઓ.

**સ્કૂલ**

ઘટનાક્રમ ૪ જુઓ.